# સેતુ



**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**ત્રિમાસીક સંપર્ક પત્ર**

**વર્ષ : ૨૨ અંક : ૮૯ ઓક્ટોબર - ૨૦૨૦**

**website : www.ashaktashram.org**

**સંપાદકો** : ડૉ. નરેશભાઈ વેદ ★ શ્રી વિષ્ણુભાઈ સી. ગાંધી ★ શ્રીમતી ઉષા સી. શાહ

**પ્રમુખ** : શ્રી ચંદ્રવદન એસ. શાહ ★ **માનદ્ મંત્રીઓ** : શ્રી ગિરીશભાઈ આર. શાહ ★ શ્રી ઉદયભાઈ કે. શાહ

શાંતિલાલ એમ. શાહ અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર-૩૮૮૨૨૫. ફોન : ૦૨૬૯૯-૨૪૪૨૧૮


## અધિક માસનો અસ્ત

આપણી ભાષામાં એક રૂઢિપ્રયોગ છે, દુ:ખમાં અધિક માસ. અત્યારે એનો અર્થ બરાબર સમજાય છે. એકબાજુ ભારે વરસાદ, બીજી બાજુ અમુક જગ્યાએ ધરતીકંપ અને એમાં વળી કોરોના સંક્રમણથી ફેલાઈ રહેલો મહા રોગચાળો. કોરોનાને કારણે ઘરમાં રહેવું. ભુકંપને કારણે બહાર નીકળવું કે વરસાદ ને કારણે સાજા કેવી રીતે રહેવું એની સમસ્યા સૌને પીડા આપી રહી છે.

આપણા અશક્તાશ્રમવાસીઓએ આ બધી તકલીફોમાં ઘણી ટક્કર ઝીલી છે. છ માસ સુધી કોઈ કોરોનામાં ઝડપાયા નથી. પરંતુ પછી સમગ્ર ગુજરાતમાં અને વિશેષ કરીને ડાકોરમાં પણ આ ઉપદ્રવ વધતાં આપણા દસ થી બાર આશ્રમવાસીઓ એમાં ઝડપાયા. છતાં આશ્રમવાસીઓ ન તો ડર્યા, ન તો ડઘાયા, તમામ પ્રકારની કાળજી ચીવટ અને સમજદારી દાખવી તેઓએ આ બધા મહિનાઓમાં આવતા બધા તહેવારો પણ આનંદથી ઉજવ્યા. એ માટે સૌ આશ્રમવાસીઓ, આશ્રમના કર્મચારીઓ, ભાઈશ્રી પૂનિતભાઈ, પ્રતિમાબેન, નિર્મળાબેન અને ગ્રામવાસી સેવાભાવી કાર્યકર્તાઓ અને ગ્રામવાસીઓને સૌને હૃદયપૂર્વકના અભિનંદન. ટ્રસ્ટી મંડળમાંથી ડૉક્ટર નરેશભાઈ અને ગીરીશભાઈએ સૌ આશ્રમવાસીઓને કોરોના ટેસ્ટ કરવાની વ્યવસ્થા પણ પાર પાડી. શ્રી રણછોડરાયજીની કૃપાથી આપણા આશ્રમવાસીઓ આ કપરા સમયમાંથી પણ સારી રીતે પસાર થયા. મુરબ્બી શ્રી ચંદ્રવદનભાઈ અને મુરબ્બી શ્રી ઉષાબેન સહિત સૌ ટ્રસ્ટીઓ આશ્રમવાસીઓના આરોગ્ય અંગે ચિંતીત હતા. પણ ડાકોરના ઠાકોરની હંમેશની માફક આપણા ઉપર કૃપા રહી અને આપણે આ કસોટીમાંથી પણ ધૈર્ય પૂર્વક બહાર આવી રહ્યા છીએ. આ વખતે અધિક માસ આવ્યો. ભગવાનની કૃપા જુઓ. આપણામાં રહેલા દુર્ગુણો અને દુષણોને દૂર કરવા દર ત્રણ વર્ષે અધિક માસ આવે છે. આ માસને મળમાસ કહે છે. કેમ કે આપણી વાણીમાં અસત્યનો મળ, ચિત્તમાં પ્રપંચનો મળ, મનમાં નિંદાનો મળ અને અંતઃકરણમાં વિકારનો મળ હોય છે. આપણા જીવનમાં રહેલા આ મળને દૂર કરી આપણા અંતઃકરણને શુદ્ધ કરવા આ મળમાસ આવે છે. આ માસને જપ તપ વ્રત પ્રભુસ્મરણ કથાશ્રવણ સ્વાધ્યાય સત્સંગ વગેરે વડે આ બધામાંથી મુક્ત થઈએ છીએ. એ કારણે તો તેને પુરુષોત્તમમાસ પણ કહેવામાં આવે છે. જૈન ધર્મના લોકો માટે જેમ પર્યુષણ પર્વ, મુસ્લિમ કોમ માટે જેમ રમઝાન માસ, તેમ હિંદુઓ માટે પુરુષોત્તમ માસ પર્વાધિરાજ છે. મહામારીના મુશ્કેલ અને દુષ્કર સમયમાં આપણે સૌ પુરુષોત્તમ માસની ઉજવણી એના સાચા અર્થમાં કરી શુદ્ધ નિરોગી અને પવિત્ર રહીએ. પુરુષોત્તમના જ એક સ્વરુપ એવા રાજા રણછોડરાય આપણને ચિંતામુક્ત પ્રસન્ન અને તંદુરસ્ત આયુષ્ય આપે એવી એમને વિનંતી કરીએ.

**ડૉ. નરેશભાઈ વેદ**

## પ્રમુખની કલમે

સંપૂર્ણ જગતને ઝપેટમાં લેતી કોરોના મહામારી અકલ્પનીય અને અભૂતપૂર્વક આવી પડી છે. લાખો લોકો તેના ભોગ બન્યા છે અને આજે ૮/૯ મહિના થયા. થામવાનું નામ લેતી નથી. પણ મનુષ્ય વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ગમે તેટલો આગળ વધે પણ ઈશ્વરની સર્વોપરિતાનો સ્વીકાર કરવો જ રહ્યો. દુષ્કાળ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, સુનામી, ધરતીકંપ, અકસ્માત એવા વિવિધ આફતો દ્વારા જીવનનો દોર તેના હાથમાં ઈશ્વરે રાખ્યો છે.

જુનની આખર સુધી ડાકોર ગામમાં અને અશક્તાશ્રમમાં કોરોનાનો પ્રવેશ કર્યો ન હતો પણ જુલાઈ/સપ્ટેમ્બરના ગાળામાં ડાકોરમાં કોરોનાએ કેર વરતાવ્યો. કેટ-કેટલા કોરોનાગ્રસ્ત. અશક્તાશ્રમે શરુઆતથી જ સાવચેતીના પગલાં જેવા કે બે ગજનું અંતર, માસ્ક અને પલંગ વચ્ચેના અંતર વધારી દીધેલા. કર્મચારીઓને પણ અશક્તાશ્રમમાં જ રહેવાનું ખાવા પીવા અને રહેવાની વ્યવસ્થા કરી એટલે કોરોનાથી મુક્ત રહેવાયા. પણ આપણે સૌએ ઈશ્વરની સર્વોપરિતાનો સ્વીકાર કરવો રહ્યો અને શરુઆતમાં જે બે કેસ અશક્તાશ્રમમાં નીકળ્યા પણ ત્યારપછીથી તો RT PCR ટેસ્ટમાં ખાસ્સા ૧૨ કેસ નીકળ્યા. આખરે સન્નિષ્ઠ કર્મચારી દાઉદભાઈ પણ ઝડપાયા.

અશક્તાશ્રમના આ કપરા કાળમાં ભાઈ નરેશની રાહબરી નીચે અને ડૉ. હરેન્દ્રભાઈના માર્ગદર્શન પ્રમાણે પુનિત અને કે.બી. શાહ અન્ય આશ્રમવાસી અને કર્મચારીઓએ ચેલેન્જ ઉપાડી લીધી. ઠાસરા હોસ્પિટલમાં દાખલ કર્યા ટેસ્ટ અને સારવાર લેવાઈ. જરુર પડે નડિયાદ હોસ્પિટલમાં પણ દાખલ કર્યા. સમગ્ર આશ્રમ સેનેટાઈઝ અને કોરેન્ટાઈનમાં ફેરવાઈ ગયો. આફત આવે ત્યારે ઝાંઝાં હાથ રળિયામણા એમ આપણા નરેશભાઈ, હરેન્દ્રભાઈ સૌ કર્મચારી એક પરિવારની જેમ એકઝૂટ થઈ પરિસ્થિતિના સામના માટે તૈયાર થઈ ગયાં. જીવન ઘડતર માટે આફતો પણ જરુરી છે. આફતોમાં જ સંસાર અને ચારિત્ર ઉપસી આવે છે.

આજે મને ૨૫/૨૭ વર્ષ પહેલાનો પ્રસંગ યાદ આવે છે. તે જમાનામાં ટીબી ચેપ અને જીવલેણ રોગ ગણાતો. અશક્તાશ્રમમાં ૪ વડીલો ટીબીગ્રસ્ત થયા. દવા કરાવી એટલે દરદીઓ અને વ્યવસ્થાપકો શિથિલ થયા પરંતુ દવા નિયમિત લેવાઈ નહિ અને ફરી ઉથલો માર્યો. આશ્રમવાસી સૌ ભયભીત થઈ ગયા અને સૂચન આવ્યું કે ટીબીગ્રસ્તોને રવાના કરો. એક બળવા જેવું વાતાવરણ ઊભુ થયું. પણ રણછોડરાયની કૃપા અને વધારે ગહન પ્રયત્નોથી આપણા કર્મચારી ભાવના ભટ્ટના સઘન પ્રયત્નોથી ટીબી ઉપર વિજય મેળવ્યો. ટીબીગ્રસ્તને રોજીંદી નિયમિત દવા દૂધ સાથે રસોડામાં ભાવના આપે અને મને આનંદ છે કે આપણે હેમખેમ નીકળ્યા.

આ વર્ષે પણ સૌ આશ્રમવાસી સૌ કર્મચારી ટ્રસ્ટીઓની સહાયથી રાધાકૃષ્ણ આ મહામારીમાંથી પાર ઉતારશે. હેતુ શુભ હોય તો પરિણામ કલ્યાણકારી જ હોય.

ફરી એકવાર પરમ કૃપાળુ પરમાત્મા અને આપણાં સૌ ટ્રસ્ટીઓ, કર્મચારીગણ અને આશ્રમવાસીનો આભારમાનું છું. ઠાસરા હોસ્પિટલના હેલ્થ ઓફિસર આર. એસ. પટેલ અને ખેડાના કલેક્ટર આઈ. કે. પટેલનો સહકાર બદલે ઉલ્લેખ કર્યા વગર રહી શકતો નથી.

ચંદ્રવદન શાહ

# અશક્તાશ્રમના આશ્રયે

## બાંધી મુઠ્ઠી લાખની ....

- ઉષા ચંદ્રવદન શાહ

અશક્તાશ્રમના ઓટલે હું બહેનો સાથે ખુશનુમા વાતાવરણમાં બેઠી હતી. દરેક જણ પોતે કેવી જીંદગીને જીવીને આવ્યા છે તેની આછી ઝલક આપતા હતા. એક બહેને - ''બહેન આપણે તો બાંધી મુઠી લાખની'' એમ કહી મર્માળુ હસતું મોઢું રાખ્યું. મ્હેં તેમની મુઠ્ઠી ખોલવાનો જરાયે પ્રયત્ન ન કર્યો. પણ તે જ વખતે નક્કી કરી લીધું કે હવે પછીના 'સેતુ'ની વાતમાં આ જ પાત્ર હશે.

એકવડીયા બાંધાના એ બહેનને થોડા દિવસ પછી બોલાવ્યા. આશ્રમમાં થોડા સમય પહેલા જ આવ્યા લાગે છે. 'સેતુ'માં મારી વૃદ્ધોની વાતો વિષે તેઓ અણજાણ હતા. મ્હેં વાત કરી. તેમણે સંકોચ રાખ્યા વિના તેમની જિંદગીના ચોપાનીયાં ખોલવાની તૈયારી બતાવી.

તમે તે દિવસે એમ કેમ બોલ્યા કે 'બહેન, બાંધી મુઠી લાખની...' 'બહેન મ્હેં છૂટાછેટા લીધાં છે. તો એમાં આટલો બધો સંકોચ શાનો ?' હવે.... છૂટાછેડા તો લગ્નનું એક પાસું બની ગયું છે. થોડા દાખલાઓ આપી એમને સંકોચમાંથી દૂર કર્યા.... છૂટાછેડા લીધાં તેનું દુઃખ જરાયે નથી પણ ન જાણતા જાણે તેનો સંકોચ છે. પછીથી સરળતાથી નિઃસંકોચ વાતો કરવા લાગ્યા.

તેમણે વાત શરુ કરી. બ્રાહ્મણ કુટુંબના બહેન છે. પતિ પણ તેમની જ્ઞાતિના જ. બન્ને ઓછું ભણેલા. તેથી વધારે પગારની આશા નકામી હતી. ભાઈ કોઈ કંપનીમાં મજૂરીનું કામ કરતા હતા અને બહેન બાલમંદિરમાં બાળકોને સાચવવાનું, જમાડવાનું,ડાયપર બદલવાનું કામ કરતાં. પગાર રૂા. ૨૫૦. પતિનો પગાર પણ ઓછો આવે. બહેનના સાસુ તેમની સાથે જ હતા. તે પણ સીધુ લાવે તેથી ખાવા પીવાનો ખર્ચ ઓછો થતો. બે છેડા માંડ માંડ ભેગા થતાં.

અઢાર વર્ષની ઉંમરે પરણેલા. પાંચ વર્ષ પછી બેબી થઈ. સ્વાભાવિક છે કે નોકરીમાં રજા લેવી પડે. હવે જીવન નિર્વાહ ફક્ત સાસુ લાવે તે સીધા ઉપર અને પતિની મરજી પડે તેટલા પૈસા ઉપર ઘર ચલાવવાનું થયું. બેબીનું આગમન પતિના ગેરવર્તનનું કારણ બન્યું. ઘેર આવી ધમાચકડી કરે. આ બહેનને મારે ગાળો બોલે, નાના નાની બાબતોમાં વાંધા કાઢે. નોકરી છોડી દીધી. બધું જોર ઘરમાં કરવા માંડ્યું. દુઃખતું'તું પેટ અને કૂટતો'તો માથું. નબળો ધણી બૈરી પર શૂરો.

સાસુ બહુ સારા હતા. બહેનને માથે છત્ર સમાન હતા. એક બાજુ પોતાનો જણ્યો દીકરો અને બીજી બાજુ તેની ન છાજે તેવી વર્તણૂક, બેજવાબદારી, ન સંભળાય તેવી ગાળો, વહુને પડતો માર જોઈને દીકરાને ધિક્કારવા લાગ્યા. આ બહેન પર ચાર હાથ રાખ્યા. ઘરાકો પાસેથી સીધુ માંગે લાવે, પેટ છૂટી વાતો કરી આર્થિક મદદ પણ માંગી લાવતા. બેબીને છાતી સરસી રાખતાં. દીકરીને સાસુ પાસે સોંપીને બહેને ફરીથી નોકરી શરુ કરી. આ પુરુષનું વર્તન કેમ આવું થયું ? ખબર પડી કે તેને કોઈ બીજી બાઈ સાથે સંબંધ હતો. હવે... કારણ સમજાઈ ગયું. ખૂબ વ્યથા અને વ્યગ્રતામાં ગુંગળાયા. સાસુજીની રજા લઈ પિયર જતાં રહ્યાં.

થોડા સમય પછી પતિ બોલાવવા આવ્યા. માફી માંગીને ઘેર લાવ્યા. માન્યું કે હવે આ લાઈન પર નહીં જાય. પણ એવું ન થયું. આવતા ખરા પણ મન ફાવે ત્યારે. છતાં પણ સખત મનોવ્યથામાં જીવન નાવ સાસુજીના સાથ સાથે હંકાર્યું.

બેબી અઢાર વર્ષની થઈ. તેના લગ્ન લેવાયા. પણ લગ્નમાં આ પુરુષ ન આવ્યો. દિયર-દેરાણીએ પરણાવી. સાસુ-વહુએ આ ઘા પણ ઝીલ્યો. સાસુ થોડા સમય પછી ગુજરી ગયા.બહેન પાછા પિયર આવ્યા. પણ પિયર ક્યાં સુધી ? હવે અશક્તાશ્રમના છત્ર નીચે આવ્યા છે.

આ સ્ત્રીસશક્તિકરણના યુગમાં સ્ત્રીની દશા ! આદિકાળથી પુરુષનું પ્રભુત્વ ચાલતું આવ્યું છે અને આજે પણ ચાલે છે. 'બેટી બચાઓ બેટી પઢાઓ'ના સૂત્ર ફક્ત સૂત્રમાં જ સમાય છે. પહેલા પિતાની ધાક પછી પતિની ત્રાડ અને પછી પુત્રની હાક. એક કઠપૂતળી બની ગઈ છે સ્ત્રી.

નાનપણથી પુત્ર અને પુત્રી વચ્ચે પક્ષપાત. પુત્ર જન્મે તો પેંડા વહેંચાય, પુત્રી સાપનો ભારો. અલબત્ત શિક્ષિત વર્ગમાં હવે એવું નથી રહ્યું. પણ બહુ નાનો વર્ગ છે એવો એક વસ્તુ હોય અને ભાઈ અને બહેન બન્નેને જોઈતી હોય તો છોકરીને સમજાવવામાં આવે - 'એ તારો ભાઈ છે ને, તુ આપી દે' નાનપણથી જ છોડવાનું શીખવવામાં આવે. મોટપણે તે જ કરવાનું છે. છોકરીએ પહેલા રાંધતા શીખવાનું પછી ભણવાનું.

છોકરાના ભાગે છનંછના અને દીકરીના ભાગે પરંપરા. દીકરીને નીચે પાડીને ચૂપ કરી દઈને, ટક ટક ટીકા કરીને તેના આત્મવિશ્વાસને તોડી નાંખવામાં આવે છે, અને પરંપરાને ઠોકી બેસાડવામાં આવે છે.

ડૉ. સુધામૂર્તિનો જ દાખલો લો ને. એન્જીનીયરીંગનું ભણવા ગયા ત્યારે આખી કોલેજમાં એ એકલા જ સ્ત્રી હતા. તેમના સહાધ્યાયીઓએ તેમને હેરાન કરવામાં બાકી નહોતું રાખ્યું. એન્જીનીયરીંગનું ભણવાનો ઈજારો જાણે પુરુષોનો જ ન હોય !! તેમની ગુરુતાગ્રંથી ઉપર મોટો કુહાડો પડ્યો હતો. સુધામૂર્તિ તેમના બેહુદા વર્તન સહીને પણ એન્જીનીયર થયા. પણ ભાઈ !.... એ સુધામૂર્તિ હતા. બધાના વશની વાત નથી. અલબત્ત ૧૦% વર્ગ ઉંચે સ્થાને છે. પરંતુ ઉંચા સ્થાનની વાત જ નથી પ્રશ્ન છે સ્ત્રી તરફની દ્રષ્ટિનો. હવે સ્ત્રીઓને મારનારો વર્ગ ઓછો થયો છે પણ પાડનારો વર્ગ વધ્યો છે. મીઠી મશ્કરી પણ કડવી ઝેર જેવી લાગે તેવી કરે છે. એમના વર્ગના ભેગા થયા હોય ત્યારે પોતાની પત્નીને હલકી પાડતા શરમાતા નથી. પોતાની લઘુતાગ્રંથી ઉપર ગુરુતાગ્રંથીનો પિછોડો ઓઢાડે છે. પરિપક્વ દામ્પત્ય બહુ ઓછા દેખાય છે. આ બહેને સખત પરિશ્રમ કર્યો. સાસુ સાથે પ્રેમથી સહી ઘર સાચવ્યું. બાપની સહાય વગર પણ દિકરી મોટી કરી પરણાવી. રણ જેવી જિંદગીમાં પણ જીવનનાવ હંકાર્યું પણ પેલી નાનપણથી પાકી કરાવેલી પરંપરાની શીખ તેને આજે પણ ડરાવે છે.

બહેને પોતે જ છૂટાછેડા લીધા. કર્યું તે ઠીક કર્યું છે તેમ માને છે પણ બીક લાગે છે. લોકો શું કહેશે ? ભગવાન શ્રી રાધાકૃષ્ણને શરણે આવ્યા છે. અશક્તાશ્રમના છત્ર હેઠળ તેમની બીક ભાગી જાય અને શાંતિથી જીવન પસાર થઈ જાય તેવી પ્રાર્થના.

# સંસ્થા સમાચાર

- કે. બી. શાહ

## કોરોના માટેની સાવચેતી

હોળી-ધૂળેટીના તહેવારને વાજતે ગાજતે નીકળી ગયા. ભવિષ્યના દિવસો કેવા આવશે તે કોને ખબર હતી. હોળી જાય એટલે સમગ્ર ટ્રસ્ટી મંડળ આશ્રમની દિવાળી એટલે ‘‘શિબિર’’ની પૂર્વ તૈયારીમાં લાગી જાય. કોરોનાએ બધી જ ગણતરી ઉંધી પાડી દીધી.હવે તો ફક્ત ટ્રસ્ટીગણે આશ્રમવાસીઓની આરોગ્યની એક માત્ર ચિંતા કરવા માંડી. આશ્રમવાસી વૃદ્ધોને સમજાવ્યા. હવે કામ વગર તમારે આશ્રમ છોડીને બહાર જવાનું નથી. ઝાંપાને લોક કરાઈ દેવાયો. હાથ ધોવાનું સેનીટાઈઝર મશીનથી હાથ ચોખ્ખા કરીને જ જવું. હળીમળીને રહેવું. સોશીયલ ડિસ્ટન્સ અચુક રાખવું. દરેકને માસ્કનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. વૃદ્ધો પણ પોતાની જવાબદારી સમજતા હોય છે. એટલે બધું સીધેસીધું ઉતરવા લાગ્યું. જો કે મેનેજરશ્રી પૂનિતને માથે ભાર વધતો ગયો પણ હસતામુખે તેના સ્વભાવ પ્રમાણે તે સફળ આયોજન કરતો રહ્યો. બહારની અવરજવર પર પણ ખાસ પ્રતિબંધ લાગ્યા. જેથી કામ ઘણું સરળ થવા લાગ્યું.

## કોરોના માટે પ્રધાનમંત્રી કેરફંડમાં સહયોગ

કોરોનાએ એપ્રિલ અને મે મહિનામાં આખા દેશને લોકડાઉનને કારણે સ્થગિત કરી નાંખ્યો. પ્રધાનમંત્રીનો ઉદ્દેશ ખુબ જ સારો હતો પરંતુ તેને લીધે અર્થતંત્ર પર ખૂબજ ઉંડી અસર પડી. **‘‘પ્રધાનમંત્રી કેરફંડ’’** કોરોના અસરગ્રસ્તો માટે ઉભુ કર્યું.

અશક્તાશ્રમના વૃદ્ધ-વડીલો અને કર્મચારીઓએ આ પીએમ કેર ફંડમાં રૂા. ૩૮૬૨૬નો સહયોગ આપ્યો. સર્વે વડીલો અને કર્મચારીઓને ખૂબ ખૂબ ધન્યવાદ.

અશક્તાશ્રમના પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈ અને સર્વ ટ્રસ્ટીઓએ પણ સાથે મળી કુલ રૂા. ૩ લાખ એકાવન હજારનું ભંડોળ પીએમ કેર ફંડમાં અર્પણ કર્યું.

## જુન - ૨૦ - કેરી મનોરથ

ડાકોરના ઠાકોર શ્રી રણછોડરાયજીના મંદિરમાં બંધ બારણે કેરી મનોરથ યોજાયા. કોરોના વાઈરસથી અનલોક બહાર જવાનું જોખમ તેથી આશ્રમમાં રાધાકૃષ્ણ મંદિરમાં સવારે કેરી મનોરથનું આયોજન કર્યું. ભજન કીર્તન થાળ આરતી કરી સૌને આનંદ થયો.

## ૭-૭-૨૦, હિંડોળા પ્રારંભ

હરિને હેતે ઝુલાવતા હિંડોળા ઉત્સવ. પરંતુ કોરોના વાઈરસથી માનવજીવન અપસેટ, મંદિર બંધ. પરંતુ બંધ બારણે ભગવાનને રાજી કરવા સેવકો તત્પર સેવામાં. તેમ અહીં અશક્તાશ્રમમાં અષાઢ વદ-૨થી શ્રાવણ વદ-૨ નીત નવા નવા હિંડોળા સજાવવામાં આવ્યા. ફૂલોના, ફળના રાખડીઓના, રંગીન પવિત્રાના રમકડાં, કાચ, કોડી અને હરિયાળી અમાસ હિંડોળા, લીલાછમ શણગાર્યા. શ્રી રણછોડરાયની અસીમ કૃપા અને આશ્રમના આશ્રીત રાધાકૃષ્ણના સૌ વૃદ્ધ વડીલોની રક્ષામાં બિરાજે છે. આમ સાક્ષાત રાધાકૃષ્ણ સૌ વૃદ્ધવડીલોની રક્ષામાં બિરાજે છે. આમ હરીને હીરની દોરીથી હિંડોળા ગીતો ગાયને સૌને હૃદયના ભાવથી ઝૂલાવ્યા. હિંડોળાનું આખા માસનું પર્વ લોકડાઉનમાં કેમ પુરુ થયું તે ખબર પડી નહીં. આનંદ ઉલ્લાસથી આ પર્વ ઉજવાયું. વૃદ્ધો બાઓના હૃદયના ભાવોથી આંખોની પાપણ ભીંજાતી આનંદ માણવા.

તા. ૧૧-૭-૨૦૨૦ શીતળા સાતમ સુધી સુશ્રી ઉષાબેનનો જન્મદિવસ આશ્રમવાસી બા-દાદાઓ કર્મચારી ગણ પત્રથી શુભેચ્છા આશીર્વાદ સાથે પાઠવી કોરોનાની મહામારીને કારણે અહીં ડાકોર આવવાનું અશક્ય બન્યું. હૃદયથી અહીં રાધાકૃષ્ણમંદિરમાં સૌએ જન્મદિવસની ખૂબજ શુભેચ્છા આશીર્વાદની વર્ષાથી ભીંજવતા રહ્યા. પૂજ્ય ઉષાબેને પણ સૌને સામે ફોનથી વાતો કરી સૌને આનંદ થયો.

૨જી ઓગષ્ટ શ્રી આશ્રમના મેનેજર શ્રી પુનિતભાઈ તેમના પત્ની પિંકીબેન કોરોના પોઝીટીવ હોવાને લીધે પોતે પણ કોરન્ટાઈન થયા. તેઓ આશ્રમમાં આવી શકતા નહીં. પરંતુ ઘેર બેઠા અવારનવાર ફોનથી બધાના સમાચાર પૂછતાં. તેમજ વહીવટી કામકાજના પ્રશ્નો ઘેર બેઠા કરતા તેમજ દરવાજાની બહાર ઉભા રહીને ખબર અંતર પૂછવા આવતા. જ્યારથી આ કાળરુપી કોરોનાએ બાથભીડી છે ત્યારથી આશ્રમના રસોડાના, સ્વચ્છતાના, હેલ્થકેરના દરેક વિભાગના કર્મચારીગણના કાર્યને બિરદાવીએ છીએ. પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈ તેમજ ટ્રસ્ટીઓએ તેના કાર્યની કદર કરી છે.

## રક્ષાબંધન

શ્રાવણ માસની પૂનમે રક્ષાબંધનનો તહેવાર પણ પારંપરિક એકબીજામાં ભાઈ બહેનો ભાવ આપી કર્મચારી બહેનો, વડીલ બાઓએ વડીલ દાદાઓને રાખડી બાંધી પવિત્ર પર્વનું મહાત્મ્ય માણ્યું.

## જન્માષ્ટમી

કૃષ્ણ જન્મોત્સવ રાત્રે ૧૧ વાગે શ્રી ૧૨ સુધી કૃષ્ણના જન્મ પ્રસંગના ભજનો ગાયા. સમયસર રાત્રે ૧૨ વાગ્યે કૃષ્ણજન્મ કરી પંચાજીરીનો પ્રસાદ વહેંચી થાળ આરતી કરી સૌ વિખરાયાં.

## રાષ્ટ્રીય તહેવાર

૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિનના દિવસે સવારે આશ્રમવાસી પ્રતિનિધિ દિગંબરભાઈ અને ઈન્દ્રવદનભાઈએ સલામી આપી બાદ ધ્વજ ફરકાવ્યો. સમૂહ રાષ્ટ્રીગીત ગાયુ ત્યારબાદ દેશભક્તિના ગીતો ગાયા.

કોરોનાની મહામારીને કારણે આર્થિક મુશ્કેલીઓ વધી રહી છે. ભાવિ અનિશ્ચિત છે. બાહ્ય વસ્તુઓને બદલવી એ આપણા હાથાં નથી પરંતુ તેમાં આપણે કેવી રીતે અનુકુળ થવું તે આપણા હાથમાં છે. આ સ્વરુપે કે બીજા સ્વરુપે જીવનમાં જે નો સામનો કરવો જ રહ્યો.

## ગણેશોત્સવ

દર વરસની જેમ પરંપરા પ્રમાણે ગણેશોત્સવ ઉજવાયો. કાળરુપી કોરોનાને કારણે પુનિતભાઈ વૃદ્ધો વડીલો કર્મચારીઓ માસ્ક પહેરી ૩ ગજનું અંતર રાખી સૌ વિઘ્નહર્તા ગણેશજીની પૂજામાં જોડાયા.

આ ઉત્સવની શરુઆત લોકમાન્ય તિલકે વિવિધ સમાજોને એકત્રિત કરવા અને સમાજના લોકો નાતજાતના ભેદ ભૂલી એકબીજાની નજીક આવે તેના માટે કરી હતી ત્યારથી ગણેશોત્સવ ઉજવાય છે.

અશક્તાશ્રમમાં પણ આ ઉત્સવ ઉજવાય છે. ગણપતિબાપાને પાલખીમાં બિરાજમાન કરી આશ્રમમાં શોભાયાત્રા કાઢી. અશક્ત વડીલોને ખાટલે ખાટલે લઈ જઈ શ્રીજીના સૌને દર્શન કરાવ્યા. એક દો તીન ચાર ગણપતીનો જયજયકાર કરતા સત્સંગ હોલમાં પધરાવ્યા. ભજન થાળ આરતી કરવામાં આવી. ગુણોના આ દેવ છે. તેમનું પ્રત્યેક અંગ એક નવી પ્રેરણા જીવન જીવવાની આપે છે.

## અશક્તાશ્રમમાં કોરોના

૩૧મી ઓગષ્ટ કોવિડ-૧૯ ચેકઅપ આરોગ્ય રથના માધ્યમથી આશ્રમવાસી અને કર્મચારીઓના ટેસ્ટ કરવામાં આવ્યાં. તેમાંથી ૧ આશ્રમવાસીબેનને કેવિડ-૧૯ની અસર જણાતાં તાત્કાલીક ધોરણે અલગ મૂકી દીધા ત્યારબાદ સાંજે ૪ વાગ્યે ૧૦૮ ઠાસરાથી આવી અને સારવાર માટે દવાખાનામાં દાખલ કર્યા.

૧૧-૯-૨૦ શુક્રવાર ટ્રસ્ટીશ્રી ડૉ. નરેશભાઈ શ્રી ઉદયભાઈ શ્રી ગીરીશભાઈ શ્રી સંજયભાઈ અત્રે આવેલા વહીવટી તપાસ અને અન્ય વ્યવસ્થા પછી કર્મચારીઓની મિટીંગ યોજાય બધાને અભિનંદન આપ્યા આ કપરા સંજોગોમાં કર્મચારીઓની કાર્યનિષ્ઠાને બિરદાવી આભાર માન્યો. આપ સૌ વડીલોની સેવામાં સાથ સહકાર આપી તમારું કામ કરી રહ્યા છો તે બદલ ધન્યવાદ.

-ચંદ્રવદનભાઈ શાહ

## વૃદ્ધાવસ્થા માટે આર્થિક આયોજન

માનવજીવનનો સ્વભાવ જ એવો છે કે વર્તમાનથી પરિસ્થિતિમાં ભવિષ્યની જોગવાઈનો વિચાર નથી આવતો. ૪૦/૬૦ વર્ષની ઉંમરે જ્યારે વ્યક્તિમાં જુવાનીનું જોમ, પૈસા અને સત્તાનો મદ ઘર કરી ગયાં હોય છે ત્યારે ૬૫ પછી સાવ એકલા-આર્થિક આવક વગરના વધતી મોંઘવારી અને વૃદ્ધત્વમાં આવતી દવા દારુ અને હોસ્પિટલના ખર્ચનો વિચાર જ નથી આવતો. છેલ્લા ૫૦ વર્ષમાં મોંઘવારીએ માઝા મૂકી છે. જીવન જરુરિયાતની ચીજો પ્રતિદિન મોંઘી ને મોંઘી થતી જાય છે. હોસ્પિટલના ખર્ચ કોઈને પોસાય તેવા રહ્યા નથી. બચાવેલી મૂડી જેના ઉપર આજે ૧૦ વર્ષ પહેલા ૯/૧૦ ટકા વ્યાજ મળતું હતું તે હવે ૫.૫૦ ટકા થી ૬.૦૦ ટકા થઈ ગયું. આમ બુઝુર્ગને બે બાજુથી માર પડે છે. આમદાની ઘટતી જવાની જરુરિયાતો અને મોંઘવારી વધતી જવાની. જમાનો જ પલટાઈ ગયો છે. આધાર રાખી શકાય તેવા સંતાનોના પણ બાર સાંધતા તેર તૂટે તેવી પરિસ્થિતિ છે. બાળકોના ભણતરનો ખર્ચ, સમાજમાં પ્રવર્તતી જીવનશૈલી સાથે કદમ મીલાવવા પ્રક્રિયા તેઓ પાસે પણ ખેંચમ ખેંચ હોય છે.

સરકારે વૃદ્ધો અને જે વ્યાજ ઉપર નભતાં લોકો માટે સિનિયર સિટિઝન્સ સેવિંગ્સ સ્કીમ પબ્લીક પ્રોવિડન્ટ ભંડ અને વધુ વ્યાજ મળે તેવી સ્કીમો દાખલ કરી છે. આયુષ્યમાન અને બીજી કેટલીક માંદગી અને હોસ્પીટલાઈઝેશનની સ્કીમો પણ છે. પણ બે ટાંગા ભેગા કરવા તે આકાર કુસુમવત જેવું થઈ ગયું છે. વૃદ્ધત્વમાં આવતા ઘણા ઘણા પ્રશ્નો સામે આ તો ફક્ત એક પ્રશ્ન પણ જીવાદોરી લંબાઈ જતાં કેટલા વર્ષ જીવીશું તે કહેવું મુશ્કેલ છે. ત્યાં સુધી કેમ ગાડી ગબડાવવી તે અતિ મુશ્કેલ છે.

૬૫ વર્ષની વયે આર્થિક આયોજન વૃદ્ધત્વ માટે બહુ વિચારશીલતા માંગી લે છે. ભવિષ્યમાં કેટલી જુરિરયાત પડશે. બચાવેલી મૂડીનું વ્યાજ પૂરતું થઈ પડશે તે કેમ વિ. વિષયોના કોઈ જવાબ જડતા નથી.

ત્યારપછી આશ્રમવાસીની મીટીંગ રાખવામાં આવી. સૌને બળ અને હૂંફ મળે તે રીતે ડૉ. નરેશભાઈએ વાતો કરી બધા સાથ સહકારથી રહો છો તે બદલ અભિનંદ આપ્યા.

તા. ૧૪-૯-૨૦ને સોમવારે ઠાસરા ચેકઅપ માટે જવાનું છે બધાએ ચેકઅપ કરવવાનું છે તે મીટીંગમાં વાત થઈ. તે દિવસે સૌ ટ્રસ્ટીવતી ટ્રસ્ટીશ્રી સંજયભાઈ રાધાકૃષ્ણની પ્રાર્થના સૌ હસતા હસતા જજો ડરશો નહીં. આપણે કોવિડ ૧૯ને હરાવવાનો છે.

૧૫-૯-૨૦ના રોજ સાંજે ઠાસરાથી બે ૧૦૮ વાહન આવ્યા. ટેસ્ટ રીપોર્ટમાં આશ્રમવાસી ૮ અને કર્મચારી ૧ કોરોના પોઝીટીવ આવ્યા. તેથી તેઓની સારવાર માટે ઠાસરા હોસ્પિટલ દાખલ કર્યા. સારવાર દરમ્યાન સૌને સારુ થયું. ત્યારબાદ ૨૧-૯-૨૦ના રોજ નડિયાદ કોવિડ સેન્ટરમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા. ઠાકોરજીની અસીમ કૃપાથી સૌને સારુ થઈ ગયું છે.

### શ્રાધ્ધ પક્ષ

આશ્રમની પરંપરા પ્રમાણે આ દિવસે વર્ષભરમાં ગુજરી ગયેલા આશ્રમવાસીઓનું તર્પણ વિધિ વિધાનથી કરવામાં આવ્યું. સ્વર્ગસ્થના ફોટા સન્મુખ શ્રી પુનિતભાઈએ બેસી મંત્રોચ્ચારથી શ્રદ્ધાથી શ્રાધ્ધ વિધિ કરવામાં આવી. બા-દાદાઓ કર્મચારીઓ સૌ જોડાયા. એક ગંભીર પ્રસંગનું હૃદયના ભાવથી આયોજન થાય. આ પણ આશ્રમની એક વિશિષ્ટતા છે. દર વર્ષે ગોર મહારાજના વિધિવત મંત્રોચ્ચારથી શ્રધ્ધાથી શ્રાધ્ધ વિધિ માં બેસે પરંતુ આ વર્ષે કોવિડ-૧૯ના કારણે અશક્ય થઈ ગયું.

### ખિચડી - ઘર

કોરોના કાળમાં બધાને તકલીફ પડી પણ સૌથી વધારે જો કોઈ હેરાન થયું હોય તો તે છે રોજ કમાઈને ખાનાર માણસ. પણ કહેવાય છે ને કે ઈશ્વર બધાના માટે વ્યવસ્થા કરે છે. તેમ અશક્તાશ્રમના સ્વજન શ્રી કે.બી. શાહના મનમાં એક વિચાર આવ્યો કે આપણે આવા માણસને મદદ કરવી અને તેમના આ વિચારને અશક્તાશ્રમના સૌ ટ્રસ્ટીઓએ વધાવી લીધો અને અશક્તાશ્રમના અને અશક્તાશ્રમના અને સૌ ટ્રસ્ટીઓના સહયોગથી ''ખીચડીઘર'' શરુ થયું અને રોજના લગભગ ૧૫૦ થી ૨૦૦ જરુરીયાતમંદ વ્યક્તિઓની ભૂખ સંતોષવાનું ઉમદા કાર્ય થયું. જેમાં અનેક દાતાઓના સાથ સહકાર મળ્યો. તે બદલ સૌનો આભાર.

---

બુક-પોસ્ટ/પ્રિન્ટેડ મેટર

પ્રતિ શ્રી ____________________

____________________

____________________

પ્રેષક :

**ડૉ. નરેશ આર. શાહ (ટ્રસ્ટી)**

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

૨૦૩, સંકલ્પ સ્કેવર-૨, બીજોમાળ, જલારામ રેલ્વે ક્રોસીંગ અને કલગી ક્રોસ રોડ પાસે,
ડૉ. સુમન શાહ ઓર્થોપેડીક હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (INDIA) M. 9824030858



સૌજન્ય મુદ્રક : સરૈયા આર્ટ પ્રિન્ટરી ★ (મો) : ૯૮૨૫૪૪૦૬૯૦